# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી મોદી આજથી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના 6 દિવસના પ્રવાસે જશે**

2) **પશ્ચિમ એશિયા સંઘર્ષ દરમિયાન ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા બદલ વિદેશ મંત્રી એસ જયશંકરે કતારના પ્રધાનમંત્રીનો આભાર માન્યો**

3) **કોચીમાં ભારતના અધ્યક્ષપદે બ્રિક્સ મહિલા કાર્યકારી જૂથની બેઠક**

4) **અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની આજે બેઠક મળશે**

5) **મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર બાંદ્રા-કુર્લા વચ્ચે ભૂગર્ભ ટનલનું બાંધકામ શરૂ થયું.**

6) **ઓસ્ટ્રેલિયાએ ઇંગ્લેન્ડને 7 વિકેટથી હરાવીને મહિલા T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનો છ દિવસનો પ્રવાસ આજથી શરૂ થઈ રહ્યો છે. તેઓ આજે પ્રથમ તબક્કામાં ઇન્ડોનેશિયા પહોંચશે.

પ્રધાનમંત્રી મોદીનો ઇન્ડોનેશિયાનો આ ચોથો પ્રવાસ હશે. મે 2018માં બંને દેશોના સંબંધો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચ્યા પછી ટોચના નેતૃત્વ વચ્ચે આ પ્રથમ દ્વિપક્ષીય બેઠક હશે. પ્રધાનમંત્રી મોદી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે વાતચીત કરશે

સાંભળીએ એક અહેવાલ

-------------------------

પુલ ,મિતલ – ધ્વનિત રાવલ

# SHAH-- SHAH- COOPERATION MINISTER

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ ઉજવણી "સહકાર સે સમૃદ્ધિ" (સહકાર દ્વારા સમૃદ્ધિ) ઉદ્દેશ્ય હેઠળ યોજાઈ રહી છે.

આ પ્રસંગે, શ્રી શાહ અનેક મુખ્ય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. જેમાં 232 અનાજ સંગ્રહ વેરહાઉસનું ઉદ્ઘાટન, સહકાર વાન અને ટીશ્યુ કલ્ચર સેન્ટરનો શિલાન્યાસ સમારોહ, રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝના ત્રીજા તબક્કાનું ઉદ્ઘાટન અને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના દૂધ પુરવઠા સમીક્ષા ડેશબોર્ડ પોર્ટલનું ઉદ્ઘાટન શામેલ છે.

આ કાર્યક્રમ દરમિયાન, ભારતીય બીજ સહકારી સોસાયટી લિમિટેડ અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ વચ્ચે બીજ પુરવઠા પ્રણાલી અને ડેરી સહકારી મંડળીઓ માટે મોડેલ કાયદા અંગે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવશે. મંત્રાલયની સિદ્ધિઓ પર એક પુસ્તિકા પણ પ્રકાશિત કરવામાં આવશે.

# REV JAISHANAKR-QATAR

વિદેશ મંત્રી એસ. જયશંકર કતાર, બહેરીન, કુવૈત અને ઓમાન સહિત પશ્ચિમ એશિયાની તેમની સત્તાવાર મુલાકાતના પહેલા તબક્કામાં, દોહા પહોંચ્યા, જ્યાં તેમણે કતારના પ્રધાનમંત્રી  અને વિદેશ મંત્રી મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન બિન જસીમ અસાની સાથે મુલાકાત કરી. સાંભળીએ આઅ અંગે એક અહેવાલ

**(બાઇટ – SHAKTI)**

# BRICS-WOMEN WORKING GROUP

ભારત આજે કેરળના કોચીમાં બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ બે દિવસીય બ્રિક્સ મહિલા કાર્યકારી જૂથની બેઠકનું આયોજન કરશે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે બ્રિક્સ સભ્ય દેશોના વરિષ્ઠ સરકારી અધિકારીઓ તમામ ક્ષેત્રોમાં મહિલા સશક્તિકરણ અને મહિલા-નેતૃત્વ વિકાસ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ભેગા થશે, જ્યારે સહિયારી પ્રાથમિકતાઓમાં સહયોગને આગળ ધપાવશે. મહિલા કાર્યકારી જૂથની બેઠક સભ્ય દેશોને મહિલાઓ-નેતૃત્વ વિકાસને આગળ વધારવા માટે ચર્ચા અને સર્વસંમતિ બનાવવાની તક પૂરી પાડશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ બેઠક આ મહિનાની ૮ અને ૯ તારીખે યોજાનારી બ્રિક્સ મહિલા મંત્રીસ્તરીય બેઠક માટે મજબૂત પાયો નાખશે.

# REV. CONSUMER PROTECTION - IGE

ભારત સ્વિટ્ઝર્લૅન્ડના જીનીવામાં ગ્રાહક સુરક્ષા કાયદા અને નીતિ પર આંતરસરકારી નિષ્ણાત જૂથના નવમા સત્રની અધ્યક્ષતા કરશે.

વેપાર અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદ દ્વારા આજ થી 8 તારીખ સુધી આ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું હતું કે સભ્ય દેશો, આંતરરાષ્ટ્રીય સંગઠનો, ગ્રાહક સુરક્ષા સત્તાવાળાઓ, શિક્ષણવિદો ગ્રાહક સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરશે. આંતરસરકારી નિષ્ણાત જૂથ ગ્રાહક સુરક્ષા કાયદા અને નીતિ પર સહયોગ અને સંવાદ માટેનું મુખ્ય આંતરસરકારી મંચ છે. ગ્રાહક બાબતોના વિભાગના સચિવ નિધિ ખરે આ સત્રની અધ્યક્ષતા કરશે.

# BRICS-ANTI DRUG AGENCY MEET

ભારત આસામના ગુવાહાટીમાં બે દિવસીય બ્રિક્સ માદક પદાર્થ વિરોધી એજન્સી પ્રમુખોની બેઠકનું આયોજન કરશે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, આજથી શરૂ થતી આ બેઠકનો ઉદ્દેશ્ય સંસ્થાકીય જોડાણોને મજબૂત બનાવવા અને નાર્કોટિક્સ વિરોધી એજન્સીઓ વચ્ચે સહયોગ વધારવાનો છે.

આ બેઠક ગુપ્ત માહિતીની વહેંચણી, ક્ષમતા નિર્માણ અને ઉભરતા પડકારોનો અસરકારક પ્રતિભાવ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ આ બેઠકનું આયોજન કર્યું હતું.

ભારત આ બેઠકને સંવાદથી આગળ વધીને કાર્યવાહી તરફ બ્રિક્સ સહયોગને આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું માને છે.

બે દિવસીય બેઠકના સમાપન પર બ્રિક્સ દેશો વચ્ચે નાર્કોટિક્સ સામે સામૂહિક કાર્યવાહી અંગે સંયુક્ત ઘોષણાપત્ર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

# AYODHYA TEMPLE TRUST MEETING

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આજે તેના સભ્યોની એક બેઠક બોલાવી છે જેમાં મંદિરને મળેલા દાનની તપાસ કરતી વિશેષ તપાસ ટીમના અહેવાલ સહિત અનેક વહીવટી અને નાણાકીય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

અગાઉ આ બેઠક બપોરે 3 વાગ્યાની આસપાસ મણિરામ છાવણી ખાતે યોજાવાની હતી, પરંતુ હવે સ્થળ બદલાયું છે અને આ બેઠક રામ મંદિરના પરિસરમાં યોજાશે. સાંભળીએ આ અંગે એક અહેવાલ

(બાઇટ - FIANL SUSHIL TIWARI)

# BULLET TRAIN CORRIDER

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર પર વિક્રોલી અને બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ વચ્ચે ભૂગર્ભ ટનલનું બાંધકામ ગઇકાલથી શરૂ થયું.

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આ ટનલનું ઔપચારિક ઉદ્ઘાટન કરવાના હતા, પરંતુ ખરાબ હવામાનને કારણે આ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો. મુલતવી રાખવા છતાં, રેલ્વે મંત્રાલયે અધિકારીઓને તાત્કાલિક બાંધકામ શરૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો .

વિક્રોલીથી શરૂ થયેલ પ્રથમ ટનલ બોરિંગ મશીન (TBM) બુલેટ ટ્રેનના ઉપર અને નીચે બંને ટ્રેક માટે રચાયેલ 6 કિલોમીટર લાંબી સિંગલ-ટ્યુબ ટનલ ખોદશે. આ TBM ભારતમાં રેલ્વે ટનલ બાંધકામ માટે ઉપયોગમાં લેવાતા સૌથી મોટા મશીનોમાંનું એક છે.

# INS SUDARSHINI-US PORT

ભારતીય નૌકાદળનું સેઇલ તાલીમ જહાજ INS સુદર્શિની અમેરિકાના ન્યુ યોર્ક બંદરે પહોંચી ગયું છે. આ જહાજ અમેરિકન ઇન્ટરનેશનલ નેવલ રિવ્યુ 250 અને સેઇલ ફોર્થ 250 ઉજવણીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. હડસન નદી પર ગઈકાલે આયોજિત પરેડ ઓફ સેઇલ દરમિયાન, પ્રતિષ્ઠિત ત્રણ-માસ્ટેડ જહાજે ગર્વથી ભારતીય ત્રિરંગો લહેરાવ્યો.

INS સુદર્શિનીની આ સફર 10 મહિનાના ટ્રાન્સઓસેનિક અભિયાન લોકાયણ 2026નો એક ભાગ છે. તે દરિયાઈ સહયોગને મજબૂત કરવા, આંતરરાષ્ટ્રીય સદ્ભાવના બનાવવા અને ભાગીદાર નૌકાદળો સાથે સંબંધોને મજબૂત કરવા માટે ભારતીય નૌકાદળની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

INS સુદર્શિની હવે અમેરિકાની સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની ઉજવણી માટે બ્રુકલિનમાં રવાના થયું છે.

# CRICKET WOMENS T20 WORLD CUP

ક્રિકેટમાં, ઓસ્ટ્રેલિયાએ ગઇકાલે રાત્રે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઇંગ્લેન્ડને 7 વિકેટથી હરાવીને ICC મહિલા T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો.

ઇંગ્લેન્ડના 151 રનના લક્ષ્ય સામે, ઓસ્ટ્રેલિયાએ 17 ઓવર અને એક બોલમાં ત્રણ વિકેટ ગુમાવીને 153 રન બનાવ્યા. ઓસ્ટ્રેલિયા તરફથી બેથ મૂનીએ સૌથી વધુ 64 રન બનાવ્યા. ફોબી લિચફિલ્ડે 48 રન બનાવ્યા.

આ પહેલા, ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, ઇંગ્લેન્ડે નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 150 રન બનાવ્યા. કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટે અણનમ 58 રન બનાવ્યા, જ્યારે ફ્રેયા કેમ્પે 44 રન બનાવ્યા.

# WIMBLDON TENNIS

સર્બિયાના નોવાક જોકોવિચે રશિયાના રોમન સફિયુલિનને હરાવીને વિમ્બલ્ડન ટેનિસ મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. જોકોવિચે ઓલ ઇંગ્લેન્ડ ક્લબમાં પોતાનો 106મો સિંગલ્સ ટાઇટલ જીત્યો છે. તેણે રોજર ફેડરરના 105 વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. વિમ્બલ્ડન ટેનિસમાં ફક્ત માર્ટિના નવરાતિલોવાએ તેમના કરતા વધુ સિંગલ્સ મેચ જીતી છે

# SYAMA PRASAD MOOKERJEE

ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને તેમની જન્મજયંતિ પર આજે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. સંસ્કૃતિ મંત્રાલય અને પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા કોલકાતામાં વિશેષ કાર્યક્રમ યોજાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કાર્યક્રમની અધ્યક્ષતા કરશે. આ પ્રસંગે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫ ફૂટ ઊંચી પ્રતિમાનો શિલાન્યાસ કરાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીને તેમની ૧૨૫મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એક લેખમાં, પ્રધાનમંત્રીએ કહ્યું , ડૉ. મુખર્જીનું જાહેર જીવન અખંડ ભારત પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા વ્યાખ્યાયિત થયું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે 2019માં કલમ ૩૭૦ અને ૩૫(A) રદ કરવી એ તેમની શહાદતને સૌથી યોગ્ય શ્રદ્ધાંજલિ હતી.

# SHAH-COAL MEETING

ગૃહમંત્રી અમિત શાહ અને કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ ગઇકાલે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગેરકાયદે કોલસા ખાણકામ અને કોલસા ચોરીની સ્થિતિની સમીક્ષા કરી. બેઠક દરમિયાન, ગૃહમંત્રીએ ધનબાદ અને આસપાસના વિસ્તારોમાં ગેરકાયદે કોલસા ખાણકામ અને ચોરીની બગડતી પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી.

ગૃહ મંત્રાલયે જણાવ્યું કે કોલસા મંત્રાલયના અધિકારીઓએ શ્રી શાહને જાણ કરી કે ગયા વર્ષે ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં સમીક્ષા પછી ઘણા નક્કર પગલાં લેવામાં આવ્યા છે. તેમણે કોલસા મંત્રાલય અને CISF દ્વારા અત્યાર સુધી લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરી. તેમણે ભાર મૂક્યો કે, ગેરકાયદેસર ખાણકામની સમસ્યાને કાબુમાં લેવા માટે ઘણું બધું કરવાની જરૂર છે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં દેશભરમાં ભારે વરસાદની સ્થિતિ અંગેના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- સંદેશની હેડલાઇન છે – બંગાળની ખાડીમાં દબાણને પગલે હવામાન ખાતાનું એલર્ટ
- નવગુજરાત સમય લખે છે – મેઘરાજા વિફર્યા મુંબઈમાં 8ના મોત, કેરળમાં પૂરનો ખતરો
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે - કઈ રાજયોમે મોનસુન કા મેઘા શો જારી, કહી બરસા ધુઆધાર કહી કિયા સુહાના ઇતવાર
- ફૂલછાબે સૌરાષ્ટ્ર જળબંબોળ, રસ્તાઓ બન્યા નદી આ સમાચારને તસવીર સાથે પહેલા પાને લીધા છે. તો અન્ય અખબારોએ પણ અમરેલીમાં ભારે વરસાદથી સર્જાયેલી તારાજીના સમાચાર તસ્વીરો સાથે પ્રકાશિત કર્યા છે.
- સ્થાનિક પાને ગુજરાત સમાચાર લખે છે - ધોલેરા પાસે એક કરોડની કિમતના એમ્બરગ્રીસ સાથે એકની ધરપકડ

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)